### પાલિકામાં સમાવેશના ૬ વર્ષ પછી પણ કરોડીયાની જય અંબે સોસાયટી સુવિધા વિહોણી

# સામાન્ય વરસાદમાં જ આખો વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે ચોમાસાની શરૂઆત થતાં જ શહેરના છેવાડાના વિસ્તારોની પોલ ખુલી ગઈ છે. વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૮ માં આવેલા કરોડીયા વિસ્તારની જય અંબે સોસાયટીમાં વરસાદી પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યા સામે આવી છે. માત્ર સામાન્ય વરસાદમાં જ સમગ્ર સોસાયટી બેટમાં ફેરવાઈ જતાં સ્થાનિક રહિશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સોસાયટીના મુખ્ય રસ્તાઓથી લઈને આંતરિક માર્ગો પર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં લોકોની અવરજવર બિલકુલ મુશ્કેલ બની ગઈ છે. એટલું જ નહીં, વરસાદી પાણી હવે લોકોના ઘરોમાં ઘૂસવાની ભીતિ સર્જાતાં સ્થાનિકોમાં ભારે ફફડાટ અને રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશોએ તંત્ર સામે આક્રોશ



ઠાલવતા ગંભીર આક્ષેપો કર્યા છે. તેમનું કહેવું છે કે, છેલ્લા છ વર્ષથી આ વિસ્તારનો વડોદરા મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે અને રહીશો નિયમિતપણે તમામ વેરા ભરે છે. આમ છતાં, કોર્પોરેશન દ્વારા અહીં પાણીના નિકાલ જેવી પ્રાથમિક અને મૂળભૂત સુવિધાઓનો પણ વિકાસ કરવામાં આવ્યો નથી. પ્રશાસનની ઘોર બેદરકારી અને વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય ડ્રેનેજ લાઈનની વ્યવસ્થા ન હોવાને કારણે દર વર્ષે ચોમાસામાં રહીશોને આ જ નરકાગારની સ્થિતિ ભોગવવી પડે છે. ભોગ બનેલા નાગરિકોના જણાવ્યા અનુસાર, દર વખતે ચૂંટણી સમયે મતો મેળવવા માટે અહીં આવતા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને કોર્પોરેટરો માત્ર મોટા-મોટા વાયદાઓ અને આશ્વાસનો આપીને જતા રહે છે. પરંતુ ચૂંટણી પૂરી થતાં જ કોઈ ફરકતું નથી અને આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે આજ દિન સુધી કોઈ નક્કર કે અસરકારક કામગીરી કરવામાં આવી નથી. માત્ર કરોડીયા જ નહીં, પરંતુ વોર્ડ નંબર ૮ ના અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાવાની જૂની સમસ્યા યથાવત છે.

### રાત્રે ગધેડું આડે આવ્યું, યુવકનો જીવ ગયો

# ભરૂચમાં રખડતા ગધેડાને બચાવવા જતાં યુવકનું મોત

~~(પ્રતિનિધિ) ભરૂચ, તા.6~~

ભરૂચ શહેરના સ્ટેશન માર્ગ પર ધીકોડિયા નજીક રવિવારે મોડી રાત્રે એક માર્ગ અકસ્માતમાં 27 વર્ષીય યુવકનું કરુણ મોત થયું છે. યુવકે રખડતા ગધેડાને બચાવવાના પ્રયાસમાં મોપેડ પરનો કાબૂ ગુમાવ્યો અને તૂટેલી લોખંડની રેલિંગ સાથે અથડાતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. મૃતક યુવકનું નામ ચિરાગ બાબુભાઈ પરમાર છે. તેઓ સરસ્વતી ચાલ, ભરૂચ ખાતે રહેતા હતા. રવિવારે રાત્રે તેઓ મોપેડ પર જઈ રહ્યા હતા ત્યારે અચાનક રસ્તા પર આવી ગયેલા ગધેડાને બચાવવાના પ્રયાસમાં તેમણે મોપેડ પરથી નિયંત્રણ ગુમાવ્યું. અકસ્માત દરમિયાન ચિરાગ રસ્તાની બાજુમાં આવેલી તૂટેલી લોખંડની રેલિંગ સાથે અથડાયા. રેલિંગનો એક તીક્ષ્ણ ભાગ તેમના માથામાં ઘૂસી જતાં તેમને ગંભીર ઈજાઓ થઈ. આસપાસના લોકો તેમને સારવાર માટે લઈ જાય તે પહેલાં જ ઘટનાસ્થળે તેમણે દમ તોડ્યો હતો.આ ઘટનાથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ભરૂચ નગરપાલિકાના વિરોધ પક્ષના સભ્ય જીગ્નેશ બ્રહ્મભટ્ટે આ ઘટનાને ગંભીરતાથી લીધી છે. તેમણે જણાવ્યું કે, ₹ગઈકાલે રાત્રે દોઢથી બે વાગ્યાની આસપાસ સ્ટેશન રોડ પર રખડતા ગધેડાઓના કારણે આ ગંભીર અકસ્માત સર્જાયો. આ પહેલાં પણ પાલિકામાં રખડતા પશુઓને પકડવા માટે વારંવાર રજૂઆત કરવામાં આવી, પરંતુ તંત્ર ઉદાસીન રહ્યું. તેમણે આરોપ લગાવ્યો કે પાલિકા પાસે કુતરાઓ માટે ટીમ છે, પરંતુ રખડતા ગધેડા કે ભૂંડ માટે કોઈ વ્યવસ્થા નથી. તેમણે ચીફ ઓફિસર અને પાલિકાના શાસકોને તાત્કાલિક રખડતા પશુઓને પકડીને પાંજરાપોળ ભેગા કરવાની કામગીરી શરૂ કરવા, તેમજ મૃતકના પરિવારને યોગ્ય વળતર આપવાની માંગ કરી છે.

# દે.બારીયાની વર્તમાન રાજકીય પરિસ્થિતિ જોતા પાલિકાની પેટા ચૂંટણીમાં ભાજપ માટે કપરા ચઢાણ

(પ્રતિનિધિ) દાહોદ તા.8

દેવગઢ બારીયા નગરપાલિકાની પેટા ચૂંટણીનું રણશિંગું ફુંકાતા દેવગઢ બારીયાનો રાજકીય માહોલ ગરમાયો છે. અને જનસંપર્ક વિસરી ગયેલા નેતાઓ ફરી જનતા વચ્ચે જવાના પ્રયાસોમાં લાગી ગયા છે. દેવગઢ બારીયા નગરપાલિકામાં અગાઉ પ્રમુખ પદને લઈને થયેલા ધમાસાણની સીધે સીધી અસર આ પેટા ચૂંટણી પર ચોક્કસપણે પડવાની છે. પ્રમુખ પદે પહેલા ધર્મેશ કલાલ પછી નીલ સોની પછી ફરી ધર્મેશ કલાલ રહ્યા છે. ત્યારે આ પેટા ચૂંટણી ફરી એક વખત પ્રમુખ પદના તાજને લઈને મહત્વની બનીને રહેવાની છે.

ભાજપ વિરુદ્ધ મતદાન કરનાર છ જેટલા પાલિકાના સભ્યો સસ્પેન્ડ થયા હતા અને ફરીથી આ છ બેઠકો માટે આગામી ૨૮ જુલાઈ ના રોજ મતદાન થવા જઈ રહ્યું છે. ત્યારે પોતાની શાખ જાળવવામાં આ છ બેઠકો ભાજપ માટે જીતવી ખૂબ જ જરૂરી બની છે. જ્યારે બીજી તરફ જોવા જઈએ તો ભાજપમાંથી બર તરફ કરાયેલા નીલ સોની હાલ દેવગઢબારિયામાં મજબૂત નેતા કહી શકાય છે. તેઓ જનસંપર્કમાં સતત જોડાયેલા રહ્યા છે. અને સામાજિક સંસ્થાઓમાં તેઓના ભગીરથ કાર્યો પણ જોવા મળી રહ્યા છે. હાલ દેવગઢ બારીયાની રાજકીય પરિસ્થિતિ પર ધ્યાન કરીએ તો આ ચૂંટણી વર્તમાન પાલિકા પ્રમુખ ધર્મેશ કલાલ અને નીલ સોનીના રાજકીય અસ્તિત્વને નક્કી કરશે.

ધર્મેશ કલાલ વર્તમાન નગરપાલિકા પ્રમુખ છે, અને તેઓ પણ પ્રજા વચ્ચે રહ્યા છે, ત્યારે હવે દેવગઢ બારીયાની જનતા નીલ સોનીની પડખે રહેશે કે ધર્મેશ કલાલને કાર્યરત રાખશે તે જોવાનું રહ્યું! આ પેટા ચૂંટણી ખરેખર દેવગઢબારિયા માટે ખૂબ જ મહત્વની બની રહેશે કારણ કે આની સીધે સીધી અસર ૨૦૨૭મા યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળશે. કારણ કે માઈક્રો પ્લાનિંગ કરી દર વખતે બીજેપીને જીતાડવામાં નીલ સોનીનો હંમેશા સિંહફાળો રહ્યો છે. પરંતુ હવે તેઓ ભાજપમાં રહ્યા નથી. તેમની ઉપર આમ આદમી પાર્ટી તેમજ કોંગ્રેસ જેવા રાજકીય વિરોધ પક્ષોની નજર છે. હવે નીલ સોનીના બંને હાથમાં લાડવો છે પરંતુ તેઓ ખાય છે કે નહીં તે જોવાનું રહ્યું! હવે બે મોટા દીગ્ગજ કહી શકાય એવા ખૂબ જ ધનાઢ્ય લોકો વચ્ચેની ચૂંટણી હોવાથી આ ખૂબ જ હાઈ પ્રોફાઈલ બનનારી પેટા ચૂંટણીમાં દેવગઢ બારીયાની જનતા કોની સાથે જશે એ ખૂબજ મહત્ત્વનું છે. ગઈ વખતની ચૂંટણીમાં નીલ સોની ભાજપના બેનર પર ચૂંટણી લડ્યા હતા, અને જીત્યા હતા. પરંતુ તેઓ પક્ષાંતરધારા હેઠળ સસ્પેન્ડ થયા હતા.

### ગોત્રી હોસ્પિટલમાં હરિયાળા ભવિષ્યનો સંકલ્પ

# ‘વૃક્ષારોપણ અભિયાન’ દ્વારા શહેરની ધરતીને લીલીછમ બનાવવાનો પ્રયાસ

**સરકાર** દ્વારા નિયત કરાયેલા ‘ગ્રીન ઝોન’ વિસ્તારોમાં વૃક્ષારોપણ કરવું સૌથી હિતાવહ છે

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરાની ગોત્રી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ પરિસરમાં તાજેતરમાં પર્યાવરણને સુરક્ષિત અને હરિયાળું બનાવવાના ઉમદા હેતુ સાથે એક ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હોસ્પિટલના સુપરટેન્ડેન્ટ ડો. અનુપ ચંદાનીના વિશેષ માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ફોરેન્સિક વિભાગના વડા ડો. હિતેશ રાઠોડ અને તેમની કર્મનિષ્ઠ ટીમ દ્વારા હોસ્પિટલના પોસ્ટમોર્ટમ વિભાગ પાસેની ખાલી જગ્યામાં વિવિધ પ્રકારના ફળદ્રુપ અને છાંયો આપતા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશનો મુખ્ય હેતુ હોસ્પિટલના વાતાવરણને શુદ્ધ અને પ્રદૂષણમુક્ત બનાવવાનો તથા ગ્લોબલ વોર્મિંગની ગંભીર સમસ્યા સામે પર્યાવરણને રક્ષણ આપવાનો છે. ડો. હિતેશ રાઠોડે જણાવ્યું હતું કે, ચોમાસાની ઋતુ વૃક્ષોના ઉછેર માટે કુદરતી રીતે સૌથી અનુકૂળ છે. આ સમયગાળામાં વાવેલા છોડને વધારાના પાણીની ચિંતા રહેતી નથી અને તે ઝડપથી વિકસે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, હોસ્પિટલ દ્વારા માત્ર વૃક્ષો વાવવામાં જ નથી આવતા, પરંતુ તેના જતન માટેની પણ સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. વૃક્ષારોપણ દરમિયાન ડો. રાઠોડે નાગરિકોને એક મહત્વપૂર્ણ અપીલ કરી હતી. તેમણે કહ્યું, આપણે એવા સ્થળોએ જ વૃક્ષો વાવવા જોઈએ જ્યાં ભવિષ્યમાં તેને કાપવાની કે હટાવવાની જરૂર ન પડે. સરકાર દ્વારા નિયત કરાયેલા ‘ગ્રીન ઝોન’ વિસ્તારોમાં વૃક્ષારોપણ કરવું સૌથી હિતાવહ છે.આ આયોજનની વિશેષતા એ રહી કે તેમાં માત્ર સુશોભન માટેના નહીં, પરંતુ આંબા જેવા ફળદ્રુપ વૃક્ષોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આનાથી ભવિષ્યમાં પશુ-પક્ષીઓને ખોરાક મળી રહેશે અને જે દર્દીઓ ફળ ખરીદવા માટે સક્ષમ નથી, તેમને પણ આ વૃક્ષો પરથી શુદ્ધ ફળોનો લાભ મળી શકશે. હોસ્પિટલના સમગ્ર સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લઈને પર્યાવરણ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી હતી. આ કાર્યક્રમ માત્ર એક વાવેતર પૂરતો મર્યાદિત ન રહેતા, આવનારી પેઢીઓ માટે એક સ્વચ્છ અને તંદુરસ્ત વાતાવરણ ઊભું કરવાના મક્કમ નિર્ધારનું પ્રતીક બની રહ્યો છે.

### ચૈતર વસાવાને 7 વર્ષની સજા સામે આદિવાસી સમાજમાં ભારે રોષ

# કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ સાથે કરી આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટ દ્વારા સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવતા રાજ્યભરના આદિવાસી સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આ નિર્ણયના વિરોધમાં આજે વડોદરાની નવીન કલેક્ટર કચેરી ખાતે આદિવાસી સમાજના અગ્રણીઓ અને કાર્યકરોએ સરકાર સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. કલેક્ટર કચેરીએ એકત્રિત થયેલા આદિવાસી અગ્રણીઓએ સ્પષ્ટપણે આક્ષેપ કર્યો હતો કે, ધારાસભ્ય ચૈતર વસાવાને માત્ર રાજકીય કિન્નાખોરીના કારણે ટાર્ગેટ કરવામાં આવ્યા છે. તેમને પાયાવિહોણા કેસોમાં ફસાવીને આકરી સજા કરવામાં આવી છે, જે અન્યાયી છે. દેખાવકારોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આદિવાસીઓના હક માટે અવાજ ઉઠાવનાર નેતાને ચૂપ કરવાનો આ એક સુનિયોજિત પ્રયાસ છે. આવેદનપત્ર સુપ્રત કરતી વખતે અગ્રણીઓએ સત્તાધારી પક્ષ અને તંત્રના ‘બેવડા ધોરણો’ સામે આંગળી



ચીંધી હતી. તેમણે હાર્દિક પટેલ સહિત અન્ય પક્ષોના નેતાઓ સામે નોંધાયેલા અનેક કેસોનો ઉલ્લેખ કરી પ્રશ્ન કર્યો હતો કે, અન્ય પક્ષોના નેતાઓ સામે કડક કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી ? શું આદિવાસી નેતા હોવાને કારણે જ તેમને આટલી આકરી સજા આપવામાં આવી છે ? આ પક્ષપાતી વલણને સમાજ ક્યારેય સહન નહીં કરે તેવી ચીમકી પણ આપવામાં આવી હતી. વડોદરા જિલ્લા કલેક્ટરને પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે કે, ચૈતર વસાવા પરના કેસ અને તેમને મળેલી સજા અંગે ઉચ્ચ સ્તરે પુનઃવિચારણા કરવામાં આવે અને તેમને યોગ્ય કાયદાકીય રાહત આપવામાં આવે.

### કેદારનાથ અને તુંગનાથ ધામ ગુંજી ઉઠશે 'હર હર મહાદેવ'ના નાદથી

# સ્વ. યોગેશભાઈ પટેલના અધૂરા સંકલ્પોને સાકાર કરવાનું ભગીરથ અભિયાન

**૧૧ લાખ** રુદ્રાક્ષ અને ડમરુથી થશે શિવાલયોનું અલૌકિક શણગાર, રાકેશ પટેલના માર્ગદર્શન હેઠળ સત્યમ શિવમ સુન્દરમ સમિતિ ટ્રસ્ટ દ્વારા ઐતિહાસિક આયોજન



(પ્રતિનિધિ) વડોદરા તા.8

માંજલપુરના લોકલાડીલા વરિષ્ઠ ધારાસભ્ય, પ્રખર શિવભક્ત અને જનસેવાના પર્યાય સમાન સ્વ. યોગેશભાઈ પટેલની સ્મૃતિને વંદન કરવા અને તેમના અધૂરા સંકલ્પોને પરિપૂર્ણ કરવાના ઉમદા આશય સાથે એક ઐતિહાસિક અને આધ્યાત્મિક અભિયાનનો પ્રારંભ થયો છે. સત્યમ શિવમ સુન્દરમ સમિતિ ટ્રસ્ટ અને ડમરુવાલા ફાઉન્ડેશન દ્વારા હાથ ધરાયેલા આ ભવ્ય આયોજનને સ્વ. યોગેશભાઈના સુપુત્ર રાકેશ પટેલના માર્ગદર્શન હેઠળ એક નવી અને દિવ્ય દિશા મળી છે. હિંદુ ધર્મમાં શ્રાવણ માસનું અને તેમાં પણ સોમવારનું વિશેષ મહત્વ છે. આ વર્ષે શ્રાવણ માસના પ્રથમ સોમવારે એક અદ્વિતીય કાર્ય થવા જઈ રહ્યું છે. વિશ્વવિખ્યાત કેદારનાથ ધામના પવિત્ર ગર્ભગૃહ અને મંદિર પરિસરને ૧૧ લાખથી વધુ રુદ્રાક્ષ અને ડમરુઓથી શણગારવાનો મહાસંકલ્પ લેવામાં આવ્યો છે. આ સાથે જ, વિશ્વના સૌથી ઊંચા શિવ મંદિરોમાં સ્થાન પામતા તુંગનાથ મહાદેવ મંદિરને પણ રુદ્રાક્ષ અને ડમરુ વડે અલૌકિક રીતે શણગારવામાં આવશે, જે સમગ્ર ભારતભરના શિવભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. આ ભગીરથ કાર્ય માટે ૧૧ લાખથી વધુ રુદ્રાક્ષ અને ડમરુ સામગ્રીની વ્યવસ્થા ખૂબ જ નિષ્ઠાપૂર્વક કરવામાં આવી છે. આ સામગ્રીને કેદારનાથ અને તુંગનાથ મોકલતા પહેલા, વડોદરાના ઐતિહાસિક અને પૌરાણિક જાગનાથ મહાદેવ મંદિર ખાતે લાવવામાં આવી હતી. અહીં શાસ્ત્રોક્ત વિધિ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે રુદ્રાક્ષનું શુદ્ધિકરણ અને અભિમંત્રિત કરવાની પ્રક્રિયા સંપન્ન કરવામાં આવી છે.

### આઈસર ટેમ્પો પાર્કિંગના ઝઘડામાં 6 ઈજાગ્રસ્ત

# ભરૂચ જૂની RTO કચેરી પાસે મામૂલી વિવાદ હિંસક બન્યો

ભરૂચની જૂની RTO ઓફિસ નજીક લાકડી-પથ્થરનો ભીષણ સંઘર્ષ, વીડિયો વાયરલ; પોલીસે રાયોટિંગનો ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) ભરૂચ, તા.6

ભરૂચ શહેરમાં આવેલી જૂની RTO કચેરી નજીક કાયદો અને વ્યવસ્થાને પડકારતો એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. રસ્તા પર પાર્ક કરેલો આઈસર ટેમ્પો ખસેડવાની નજીવી બાબતે બે સ્થાનિક જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ, જે જોતજોતામાં હિંસક સ્વરૂપમાં ફેરવાઈ ગઈ. બંને પક્ષના લોકો મોટી સંખ્યામાં લાકડીઓ, ડાંગો અને પથ્થરો સાથે શેરીમાં ઉતરી આવ્યા હતા. આ ધીંગાણા દરમિયાન બંને જૂથોએ એકબીજા પર છૂટા હાથે પથ્થરમારો કર્યો તેમજ લાકડીઓ વડે ઘાતક હુમલા કર્યા. મારામારીમાં બંને પક્ષના 3-3 મળીને કુલ 6 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. બધાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલુ છે. આ સમગ્ર ઘટનાના લાઈવ દ્રશ્યો કોઈ સ્થાનિક નાગરિકે મોબાઈલમાં કેદ કરી લીધા હતા, જે બાદમાં સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થયા છે.

ઘટનાની ગંભીરતાને પગલે ભરૂચ પોલીસનો મોટો કાફલો તાબડતોબ હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે ઈજાગ્રસ્તોના નિવેદનો નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે. આ મામલે પોલીસે બંને પક્ષો વિરુદ્ધ રાયોટિંગ અને હુમલાની કડક કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ સ્થાનિકો અને વેપારીઓમાં ભારે ફફડાટનો માહોલ ફેલાવ્યો છે.

### દર્દીઓ સાથે હોસ્પિટલ સ્ટાફ પણ સંગીતના રંગે રંગાયો; બે કલાક સુધી ચાલેલા કાર્યક્રમે સૌને કર્યા મંત્રમુગ્ધ

# સંગીતના સૂરે દર્દનું ભારણ હળવું થયું; 'સંગીત સંધ્યા'એ દર્દીઓના ચહેરા પર સ્મિત ખીલવ્યું

'Valley of the Voice' ગ્રુપના રાજેન્દ્રભાઈ રાવલ અને ટીમે ફિલ્મી ગીતો, ભજન અને ગરબાથી સર્જ્યો ભક્તિમય માહોલ



(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડસર રોડ સ્થિત KADJI હોસ્પિટલ ખાતે 'Valley of the Voice'ના સંચાલક રાજેન્દ્રભાઈ રાવલ અને તેમની ટીમ દ્વારા આયોજિત 'સંગીત સંધ્યા' કાર્યક્રમે દર્દીઓ, તેમના સ્વજનો અને હોસ્પિટલ સ્ટાફને યાદગાર સંગીતમય સાંજની ભેટ આપી હતી. સિનિયર સિટિઝન ગ્રુપના ઘનશ્યામભાઈ રાવે જણાવ્યું હતું કે કાર્યક્રમ દરમિયાન રાજેન્દ્રભાઈ રાવલ અને તેમની ટીમે ફિલ્મી ગીતો, ભજન તેમજ ગરબાની મનમોહક રજૂઆતો કરીને હોસ્પિટલના વાતાવરણને આનંદમય બનાવી દીધું હતું. સંગીતના સુમધુર સૂરો વચ્ચે દર્દીઓ થોડા સમય માટે પોતાની પીડા અને ચિંતા ભૂલીને સંગીતના રંગમાં રંગાઈ ગયા હતા. કાર્યક્રમ દરમિયાન હોસ્પિટલનો સ્ટાફ પણ ગીતો ગાવા અને ગરબામાં જોડાતા સમગ્ર હોસ્પિટલમાં ઉત્સાહ અને આનંદનો માહોલ છવાઈ ગયો હતો. આશરે બે કલાક સુધી ચાલેલા આ કાર્યક્રમે ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. હોસ્પિટલના સંચાલકોએ પણ આ પહેલને આવકારી હતી અને ભવિષ્યમાં આવા વધુ કાર્યક્રમો યોજવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં આ પ્રકારના સંગીતમય કાર્યક્રમો દર્દીઓમાં હકારાત્મકતા અને માનસિક રાહત લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

### જિલ્લા માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના નવા હોદ્દેદારોની ઘોષણા

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની વડોદરામાં બેઠક મળી

(પ્રતિનિધિ ) વડોદરા તા.8

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ વડોદરા જિલ્લા અને શહેર ગ્રાન્ટેડ તમામ સંવર્ગના હોદ્દેદારોની બેઠક મુજમહુડા સ્થિત સંવેદના ભવન સામ્રરાજ્ય ખાતે મળી હતી. જેમાં સદસ્યતા અભિયાન અને શિક્ષકોના પ્રશ્નો પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

સંકલન સમિતિ વડોદરાના અધ્યક્ષ રાજેશભાઈ અમીન દ્વારા ઉચ્ચતર માધ્યમિક પ્રાંત મંત્રી ધર્મેશભાઈ જોશીનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાજેશભાઈ અમીને વડોદરા જિલ્લા માધ્યમિક સંવર્ગના નવનિયુક્ત હોદ્દેદારોની ઘોષણા કરી હતી. જેમાં વરિષ્ઠ ઉપાધ્યક્ષ તરીકે રામાભાઈ રોહિત, ઉપાધ્યક્ષ તરીકે અરવિંદભાઈ શનાલાલ ગાંધી અને સહ સંગઠન મંત્રી તરીકે રઘુવીર પુનાભાઈ પરમારના નામ જાહેર કરાયા હતા. ઉપરાંત વડોદરા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક સંવર્ગમાં મહિલા






સહમંત્રી તરીકે જલ્પાબેન દાવરીયાની નિયુક્તિ કરાઈ હતી. તમામ નવનિયુક્ત હોદ્દેદારોને ભગવાખેશથી સન્માનિત કરી મહાસંઘ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. બેઠકમાં સંકલન સમિતિના સંગઠન મંત્રી આચાર્ય સુનિલ પઢિયાર દ્વારા સદસ્યતા અભિયાન અને ગુરુપૂર્ણિમા ઉત્સવ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. રાજેશભાઈ અમીને મહાસંઘ દ્વારા અત્યાર સુધીમાં ઉકેલાયેલા પ્રશ્નોની વિગત આપી. સાથે જ હાલમાં શિક્ષકો, ક્લાર્ક, વર્ગ-4ના કર્મચારીઓ અને આચાર્યોને લગતા રજૂ થયેલા પ્રશ્નોની વિસ્તૃત જાણકારી આપી સંગઠનની કાર્યપદ્ધતિથી સૌને માહિતગાર કર્યા હતા.

### 108 એમ્બ્યુલન્સ સેવાની વિશ્વસનીયતા પર સવાલ ઉભા કરે તેવો કિસ્સો સામે આવ્યો

# 108ની મહિલાકર્મી નશાની હાલતમાં, સમયસર સારવાર ન આપી શકતા દર્દી મહિલાનુ મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરા શહેરમાં 108 એમ્બ્યુલન્સ સેવાની વિશ્વસનીયતા પર સવાલ ઊભા કરે તેવી ઘટના સામે આવી છે. સારવાર માટે પહોંચેલી 108 એમ્બ્યુલન્સની મહિલા કર્મચારી દારૂના નશામાં હોવાનો આક્ષેપ થતાં ભારે હોબાળો મચ્યો છે. પરિવારજનોના કહેવા મુજબ મહિલા કર્મચારી દર્દીને સારવાર આપવાના બદલે નશાની હાલતમાં પડી રહ્યા હતા અને પથ્થરમારો કરીને ધમાલ



મચાવી હતી. આ દરમિયાન દર્દી મહિલાને સમયસર સારવાર મળી ન શકતાં તેમનું મોત થયું હોવાનું પરિવારજનોએ આરોપ લગાવ્યો છે. પરિવારજનોએ જણાવ્યું કે, મહિલાની તબિયત બગડતાં 108 એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી, પરંતુ એમ્બ્યુલન્સ મોડેથી પહોંચી હતી. સ્થળ પર આવેલા મહિલા કર્મચારી નશામાં હોવાનું જણાતાં તેઓ દર્દીની સારવાર કરી શક્યા નહોતા. પરિસ્થિતિ વધુ બગડતાં બીજી 108 એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી. બીજી ટીમે તપાસ કરતાં મહિલાને મૃત જાહેર કરી હતી. મૃતકના સંબંધી ઈમરાન પઠાણે આક્ષેપ સાથે જણાવ્યું છે કે મહિલા કર્મચારી પોતે જ કબૂલ કરતા હતા કે તેઓ પીધેલી હાલતમાં છે. દર્દીને બચાવવાનો કોઈ પ્રયાસ કરાયો નહોતો અને ઉલટાનું તેઓ કાબૂ ગુમાવી પથ્થરમારો કરતા હતા. સમગ્ર ઘટનાથી પરિવાર આઘાતમાં છે અને જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# રામાયણમાં ભગવાન રામના પ્રથમ લુક પાછળ ભવ્ય જ્વેલરી ચર્ચામાં આવી

વડોદરા : ભારતીય સિનેમાની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રામાયણ'માં ભગવાન રામ તરીકે રણબીર કપૂરના પ્રથમ લુક સાથે ટ્રાઈબ અમરપાલીએ તૈયાર કરેલી વિશિષ્ટ જ્વેલરી પણ ચર્ચામાં આવી છે. ફિલ્મના ઓફિશિયલ જ્વેલરી પાર્ટનર તરીકે બ્રાન્ડે 18 મહિનાના સંશોધન બાદ પૌરાણિકતા, મંદિર કલા અને ભારતીય હસ્તકલાથી પ્રેરિત આભૂષણોની રચના કરી છે. ભગવાન રામના લુકનું મુખ્ય આકર્ષણ 335 ગ્રામ વજનનો સ્ટેટમેન્ટ નેકલેસ છે, જે તેમના દિવ્ય ધનુષ ‘કોડંડ’થી પ્રેરિત છે. ચાંદી અને પિત્તળથી બનેલા આ નેકલેસમાં ધર્મચક્ર, સૂર્યવંશ, કમળ અને પુષ્પવાટિકાના પ્રતીકોને પરંપરાગત કારીગરી સાથે રજૂ કરવામાં આવ્યા છે. ફિલ્મમાં રણબીર કપૂર ઉપરાંત સાઈ પલ્લવી, યશ, સની દેઓલ અને રવિ દુબે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ટ્રાઈબ અમરપાલીના CEO અને ક્રિએટિવ ડિરેક્ટર તરંગ અરોરાએ જણાવ્યું કે, રામાયણ માટે જ્વેલરી ડિઝાઈન કરવી માત્ર સર્જનાત્મક પ્રોજેક્ટ નહીં,


## આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નંબર ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨

વડોદરા શાખાઃ યુનિટ નંબર SF-૨૦૧, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિર પાસે, અકોટા ગાય સર્કલ રોડ, અકોટા, વડોદરા, ગુજરાત, ૩૯૦૦૨૦

### પરિશિષ્ટ IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણમાં લેવાતી કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલ લોનધારક(કો)/જામીનદાર(ઓ)ને નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલી રકમ ચૂકવવા માટે માંગણી નોટિસ(સો) જાહેર કરવામાં આવી હતી. લોનધારક રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી લોનધારક(કો)/જામીનદાર(કો) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વંચાણમાં લેવાતી સદરહુ એક્ટની કલમ ૧૩ની ઉપ-કલમ (૪) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લઈ લીધો છે. લોનધારકનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતોને મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, એક્ટની કલમ ૧૩ની ઉપ-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. ખાસ કરીને લોનધારક અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈ પણ વ્યવહાર તેના પરના વ્યાજ સહિત અહીં નીચે જણાવેલી રકમ માટે AHFLના બોજાને આધીન રહેશે.

| ક્રમ નં. | લોનધારક(કો)/સહ-લોનધારક(કો)નું નામ (શાખાનું નામ) | સુરક્ષિત અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત) | માંગણી નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૦૩૮૧૦૦૦૦૦૮૪ / વડોદરા શાખા) રણજીતસિંહ સોલંકી (લોનધારક) સુધાબેન ઉદેસિંહ સોલંકી (સહ-લોનધારક) | પ્લોટ નં. B ૧૩૧, Gf, Ff, વેસ્ટ પાર્ક કાઉન્ટી ગુલાલ રોડ વાઘોડિયા સ્થિત મિલકતનો તમામ ભાગ અને હિસ્સો, (સીટી) મુ. ગુતાલ, તા-વાઘોડિયા, જિ-વડોદરા, ગુજરાત, ૩૯૧૭૬૦ સીમાઓઃ પૂર્વમાં-પ્લોટ નં. B-૧૮૨, પશ્ચિમમાં-૭.૫૦ મીટર રોડ, ઉત્તરમાં-પ્લોટ નં. B-૧૩૨, દક્ષિણમાં-પ્લોટ નં. B-૧૩૦ | 14-04-2026 & ₹ 9,75,350/- | 04-07-2026 |

સ્થળઃ ગુજરાત
તારીખઃ ૦૭.૦૭.૨૦૨૬

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ